ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY · GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278- 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 28th July, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,
......................................, ભાવનગર.

### મોડી રાત્રે પણ આ સદીનું સૌથી મોટું ખગ્રાસ ચંદ્રગ્રહણને નિહાળવા ભાવેણા વાસીઓનો ઉત્સાહ

૩૫૦૦ થી વધારે ખગોળ પ્રેમીઓનો રહ્યો ધસારો.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણં ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના ભાગરૂપે આ સદીનું સૌથી મોટી ખગોળીય ઘટના એટલે ખગ્રાસ ચંદ્રગ્રહણ. આ ગ્રહણ શુક્રવારે રાત્રે ૧૧ કલાકને ૫૫ મિનીટ થી શરુ થઈને ૨૮ જુલાઈ મધ્ય રાત્રિના ૩.૦૦ કલાક ને ૫૫ મિનીટ સુધી નરી આંખે નિહાળી શકાયું હતું. આ ચંદ્રગ્રહણ ભારત સહીત વિશ્વના અનેક દેશોમાં પણ જોવા મળ્યું હતું. આ ગ્રહણના મધ્ય ભાગમાં ચંદ્ર લાલશ પડતો જોવા મળ્યો

ભાવનગર શહેરના અવકાશમાં ચંદ્રગ્રહણને નિહાળવા માટે તા. ૨૭ અને ૨૮/૦૭/૨૦૧૮ ના રોજ તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતેથી રાત્રીના ૧૧:55 કલાક થી ૧ :૦૦ કલાક દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર થાકી સંચાલિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ મારફતે કુલ ૪ ટેલીસ્કોપ (૩ ન્યુતોનીયમ અને ૧ ગેલેલીયન) અને પ્રોજેક્ટર દ્વારા મોટી સ્ક્રીન મારફતે ખગ્રાસ ગ્રહણને નિહાળવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ.

ગ્રહણ વિષે વધુ માહિતી આપતા શ્રી હર્ષદભાઈ જોષી (કો-ઓર્ડીનેટર, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) એ ગ્રહણ શરુ થયાથી (સાત્રે ૧૧ કલાક 55 મિનીટ) ગ્રહણ થવા પાછળનું વૈજ્ઞાનિક કારણ સાથે ગ્રહણને લઈને વ્યાપેલા પરંપરાગત આપણા રીવાજો પાચળ રહેલ વૈજ્ઞાનિક અભિગમ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત ભાવનગર એસ્ટ્રોનોમી કલબના સભ્ય શ્રી મીતેશભાઇ ગજ્જર દ્વારા ચંદ્રગ્રહણ સાથે આધુનિક ટેકનોલોજીનો સમન્વય થકી મોબાઈલ એપ્લીકેશન અને ફેસબુક લાઈવ દ્વારા ઘર-ઘર સુધી આ ગ્રહણને પોચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ ગ્રહણના મધ્યભાગમાં (૨૮-૦૭-૨૦૧૮ રાત્રે ૧ કલાક) 'Blood Moon' એકદમ લાલ કલરનો ચંદ્ર જોવા મળ્યો હતો. ત્યારબાદ ધીરે ધીરે (૨૮-૦૭-૨૦૧૮ ૩ કલાક ૪૯ મિનીટ) ગ્રહણ મોક્ષ થતો જોવા મળ્યો હતો. આ ગ્રહણને પ્રોજેક્ટર દ્વારા લોકો સુધી પોહ્ચાડવાનું કાર્ય શ્રી હર્ષદભાઈ રાવલીયા (રાજહંસ નેચર ક્લબ) દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ખગોળીય નજારાને શહેરની ૩૫૦૦ થી વધારે ખગોળરસિક જનતાએ નિહાળી હતી. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ ભાવનગર એસ્ટ્રોનોમી કલબના તમામ સભ્યો અને ભાવનગરની ખાગોળપ્રેમી જનતાના, ભવનાગર સીટી મામલતદાર શ્રી અને તખ્તેશ્વર મંદિરના પુજારી શ્રીઓનો આભાર વ્યક્ત કરે છે.

28-7-18

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19\Press of KRCSC FL 2018-1